રજુ તારીખ : ૨૯/૦૫/૨૦૨૬
દાખલ તારીખ : ૨૯/૦૫/૨૦૨૬
ફેંસલ તારીખ : ૧૫/૦૬/૨૦૨૬
અવધિ : <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u>
૦૦ ૦૦ ૧૭

**આંક– ૭**

---

**ભાવનગરના મે. ફોર્થ એડી. ડિસ્ટ્રીકટ & સેશન્સ જજ સાહેબની કોર્ટમાં**

---

**ફોજદારી પરચુરણ અરજી નં.૯૪૮/૨૦૨૬**

---

**અરજદાર – હુસેનભાઇ સલીમભાઇ મલકાણી/મેમણ,**
ઉ.વ.આ.૨૫, ધંધો–નોકરી,
રહે. રૂમ નં.૭૩૭૭, કૈલાસનગર,
ભરતનગર, ભાવનગર.
(હાલ : જિલ્લા જેલ, ભાવનગર)

**વિરુધ્ધ**

**સામાવાળા– શ્રી સરકાર**

---

**બાબત : બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી જે.ડી.સોલંકી.
સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રી સી.એમ.પરમાર.

---

**<u>:: જજમેન્ટ ::</u>**

**(૧)** આ કામના અરજદાર/આરોપી તર્ફે ઘોઘારોડ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૦૬૨૬૦૭૩૭/૨૦૨૬ થી નોંધાયેલ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૦૮(૫), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા ગુજરાત નાંણાં ધીરધાર અધિનિયમ–૨૦૧૧ ની કલમ ૪૦, ૪૨ મુજબના ગુન્હાના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટે હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ કરેલ છે.

(૨) સદર જામીન અરજી સંદર્ભે સામાવાળાઓને નોટીસ કરતા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી તપાસ કરનાર અમલદારના સોગંદનામા સાથે હાજર થયેલ છે. ત્યારબાદ અરજી અનુસંધાને સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી તથા અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૩) અરજદાર/આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા તેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી તદન નિર્દોષ છે અને કહેવાતો કોઇ ગુન્હો કરેલ નથી. ખોટી રીતે સદર ગુન્હાના કામે સંડોવી દેવામાં આવેલ છે. સદર ગુન્હાના કામે તપાસ પૂર્ણ થઇ ગયેલ છે અને ચાર્જશીટ દાખલ કરી દેવામાં આવેલ છે. ફરિયાદ ધ્યાને લેવામાં આવે તો અરજદાર/આરોપીએ નાંણાં પડાવવા માટે ફરિયાદીને બળજબરી કરી હોય કે કોઇ પણ પ્રકારની ધમકી આપી નાંણાં પડાવ્યા હોય તેવું ફરિયાદમાં કોઇ પણ જગ્યાએ ખુલવા પામતુ નથી. ફરિયાદી તથા સાહેદોના વિશેષ નિવેદનમાં પણ અરજદાર/આરોપી ધ્વારા કોઇ આક્ષેપિત ગુન્હાહિત કૃત્ય આચરેલ હોવાનું રેકર્ડ પર આવતુ નથી. અરજદાર/આરોપી સામે કોઇ પ્રથમદર્શનીય કેસ નથી. ફરિયાદ ૪૪ દિવસના વિલંબ બાદ કરવામાં આવેલ છે. અરજદાર/આરોપી પાસેથી કોઇ મુદ્દામાલ રીકવર ડિસ્કવર કરવાનો બાકી રહેતો નથી. અરજદાર/આરોપી અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે અને કયાંય નાસી ભાગી જાય તેવા ઇસમ નથી. અરજદાર/આરોપી કુટુંબ કબીલાવાળા માણસ છે અને તેઓ ઉપર તેમના પરિવાની જવાબદારી છે. અરજદાર/આરોપી કોઇ ગુન્હાહિત ભુતકાળ ધરાવતા નથી. જો અરજદાર/આરોપીને વધુ સમય જેલમાં રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશનનો ભોગ બને તેમ છે. તેમજ તપાસના કામે સહકાર આપવા તથા નામ. કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા તથા સાક્ષીઓને ટેમ્પર કે હેમ્પર નહીં કરવા ખાતરી આપે છે. તેમજ નામ. કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા ખુશી છે. ફરિયાદી સાથે સમાધાન થઇ ગયેલ છે. તે તમામ સંજોગોમાં અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે. વધુમાં, દલીલ કરી જણાવેલ છે કે, સદર ગુન્હાના કામના અરજદાર/આરોપી તથા સહઆરોપી ધ્વારા અગાઉ પ.ફો.અ.નં. ૫૭૯/૨૦૨૬ થી જામીન અરજી દાખલ કરેલ હતી જે નામંજુર

થતા નામ. ગુજરાત હાઇકોર્ટમાં ક્રીમી. મીસ. એપ્લી. નં.૫૭૯/૨૦૨૬ દાખલ કરવામાં આવેલ હતી જેમાં નામ. ગુજરાત હાઇકોર્ટ ધ્વારા સહઆરોપીને જામીન મુકત કરેલ હતા અને અરજદાર/આરોપી પુરતી જામીન અરજી નોટપ્રેસ કરવામાં આવેલ હતી. જેથી પણ અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. તેઓએ તેમની દલીલમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૦૮(૫), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા ગુજરાત નાંણાં ધીરધાર અધિનિયમ–૨૦૧૧ ની કલમ ૪૦, ૪૨ મુજબના ગંભીર ગુન્હાના આક્ષેપો છે. મૂળ ફરિયાદી કોર્ટમાં હાજર રહેલ છે અને સમાધાન થઇ ગયેલ હોવાનું જણાવે છે. જેથી યોગ્ય તે હુકમ કરવા રજુઆત કરેલ છે. તેમજ આંક–૦૪ થી તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે.

(૫) અરજી વંચાણે લીધી. તેમજ અરજદાર/આરોપી તરફે આંક–૦૩ થી રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા. ઉભયપક્ષની રજુઆતો ધ્યાને લીધી. આંક–૦૪ થી રજુ તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લીધું. રેકર્ડ ધ્યાને લેતાં, અરજદાર/આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૦૮(૫), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા ગુજરાત નાંણાં ધીરધાર અધિનિયમ–૨૦૧૧ ની કલમ ૪૦, ૪૨ મુજબના ગંભીર ગુન્હાના આક્ષેપો છે. ફરિયાદ હકીકત તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લેતાં, આ કામના ફરિયાદીએ તેમની બહેન પાસેથી લીધેલ રકમ આપવા તેમજ ફરિયાદીને તેમના મકાનનું ભાડુ ભરવા પૈસાની જરુર પડતા આરોપી રૂતુરાજસિંહ ઉર્ફે લાલભાઇ પરમાર પાસેથી તા.૦૮/૦૨/૨૦૨૬ ના રોજ રૂા.૭૦૦૦/– દરરોજના રૂા.૨૦૦/– ના હપ્તા આધારે ૫૦ દિવસ માટે લીધેલ હતા જેમાંથી રૂા.૮૦૦૦/– રોકડા તેમજ ઓનલાઇન લાલભાઇ તથા તેના માણસ હુસૈનભાઇને આપેલ હતા અને બાકીના રૂા.૨૦૦૦/– આપવા માટે તેઓએ સુભાષનગર ચોક ખાતે ફરિયાદીને બોલાવી ફરિયાદી પાસેથી રૂા.૨૦૦૦/– ઉપરાંત રૂા.૧૦૦૦/– પેનલ્ટી સહીત રૂા.૩૦૦૦/– માંગી ફરિયાદીને ગાળો આપી, છરી બતાવી, મારી નાખવાની ધમકી આપી, બળજબરીથી ફરિયાદી પાસે રૂા.૩૦૦૦/–

કઢાવી લીધેલ તેમજ ફરિયાદીના પાડોશી અમિતભાઇને પણ આ અરજદાર/આરોપી લાલભાઈએ રોજના રૂ.૪૦૦/– ના હપ્તા આધારે ૫૦ દિવસમાં રૂ.૨૦,૦૦૦/– પાછા આપવાની શરતે રૂ.૧૪,૦૦૦/– આપી ઉંચુ વ્યાજ વસુલી ગુન્હો કરેલ હોવાના આક્ષેપો છે. પરંતુ સદર ગુન્હાના કામે તપાસ પૂર્ણ થઇ ગયેલ છે. પરંતુ, આ કામના અરજદાર/આરોપી સામેની તપાસ તથા ટ્રાયલ પૂર્ણ થવામાં સમય લાગે તેમ છે. આ સંજોગોમાં, હાલના અરજદાર/આરોપીને જો વધુ સમય જેલમાં રાખવામાં આવે તો તેઓને પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે. તેમજ મૂળ ફરિયાદી તરફે આંક–૦૬ થી સમાધાન અંગેનું સોગંદનામું રજુ કરવામાં આવેલ છે અને મૂળ ફરિયાદીએ કોર્ટ રુબરુ હાજર રહી સમાધાન થઇ ગયેલ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં, અરજદાર/આરોપી કુટુંબ કબીલાવાળા જવાબદાર માણસ છે અને અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે. અરજદાર/આરોપી કોઇ ગુન્હાહિત ભુતકાળ ધરાવતા નથી. તેમજ અરજદાર/આરોપી કયાંય નાસી ભાગી જાય તેમ ન હોવાનું અને કોર્ટ જે કાંઇ શરતો ફરમાવશે તેનું પાલન કરવાનું જણાવી ટ્રાયલ સમયે હાજર રહેવાની ખાત્રી આપતા હોય, તેમજ વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેમની દલીલમાં જે ભયસ્થાનો દર્શાવેલ છે તે અંગે હાલના કામે યોગ્ય શરતો લાદી તે નિવારી શકાય તેમ છે. તેમજ હાલના અરજદાર/આરોપી તથા સહઆરોપી ધ્વારા અત્રેની કોર્ટમાં પ.ફો.અ.નં.૫૭૯/૨૦૨૬ થી જામીન અરજી દાખલ કરવામાં આવેલ જે જામીન અરજી નામંજુર કરવામાં આવતા, નામ. ગુજરાત હાઇકોર્ટમાં જામીન ઉપર મુકત કરવા માટે ક્રીમી. મીસ. એપ્લી. નં.૯૬૮૩/૨૦૨૬ થી જામીન ઉપર મુકત કરવા માટે અરજી કરતા સહઆરોપીને જામીન મુકત કરવામાં આવેલ અને અરજદાર/આરોપી પુરતી નોટપ્રેસ કરવામાં આવેલ. હાલ ચાર્જશીટ દાખલ કરી દેવામાં આવેલ છે અને અરજદાર/આરોપી ધ્વારા ચાર્જશીટ બાદ હાલની આ જામીન અરજી દાખલ કરેલ છે. સદર ગુન્હાના કામે તપાસ પૂર્ણ થઇ ગયેલ હોય સાક્ષી પુરાવા સાથે ચેડા થવાની કોઇ સંભાવના નથી. તે તમામ સંજોગોમાં, અરજદાર/ આરોપીને જામીન ઉપર મુકત કરતી વખતે ધ્યાને લેવા પાત્ર તમામ પાસાઓ તથા અરજદાર/આરોપી સામેના આક્ષેપિત ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઇ તથા નામ. ઉચ્ચ અદાલતના ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ

સિધ્ધાંતો ધ્યાને લેતાં, હાલના તબકકે અરજદાર/આરોપીને યોગ્ય શરતોને આધિન જામીન મુકત કરવાનું યોગ્ય અને વ્યાજબી જણાય છે. જેથી અરજદાર/આરોપીની તરફેણમાં વિવેકાધિન સત્તાનો ઉપયોગ કરવાનું ન્યાયોચિત જણાતુ હોય, ન્યાના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>:: હુ ક મ ::</u>

(૧) અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટેની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપી હુસેનભાઇ સલીમભાઇ મલકાણી/મેમણ, રહે. રૂમ નં.૭૩૭૭, કૈલાસનગર, ભરતનગર, ભાવનગરનાઓને ઘોઘારોડ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૦૬૨૬૦૭૩૭/ ૨૦૨૬ થી નોંધાયેલ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૩૦૮(૫), ૩૫૧(૩), ૩૫૨, ૫૪ તથા ગુજરાત નાંણાં ધીરધાર અધિનિયમ-૨૦૧૧ ની કલમ ૪૦, ૪૨ મુજબના ગુન્હાના કામે અરજદાર/આરોપીએ રૂ.૨૫,૦૦૦/-(અંકે રુપિયા પચીસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી નીચેની શરતોને આધિન જામીન મુકત કરવામાં આવે છે.

**શરતો :-**

(૧) અરજદાર/આરોપીએ તેમની સ્વતંત્રતાનો દુરુપયોગ કરવો નહીં કે સ્વતંત્રતાનો ગેરલાભ લેવો નહીં.

(૨) અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના હિતને નુકશાન થાય તેવું કોઇ કૃત્ય આચરવું નહીં.

(૩) અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો એક અઠવાડીયામાં તે નીચેની કોર્ટ સમક્ષ સરન્ડર કરવો.

(૪) અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટની પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

(૫) અરજદાર/આરોપીએ સદર હુકમની તારીખથી એક વર્ષ સુધી અથવા તો કેસની ટ્રાયલ પૂર્ણ થાય ત્યાં સુધી દર મહિને તા.૧

થી ૫ દરમિયાન એક વાર સંબંધિત પોલીસ સ્ટેશનમાં અચુક હાજરી પુરાવવી.

(૬) અરજદાર/આરોપીએ તપાસ કરનાર અમલદાર તથા નીચેની કોર્ટ સમક્ષ પોતાનું કાયમી રહેણાંકનું સાચુ સરનામું તથા મોબાઈલ નંબર રજુ કરવા અને ટ્રાયલ કોર્ટની પરવાનગી વગર સરનામું બદલવું નહીં.

(૭) અરજદાર/આરોપી ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ કરશે તો તેઓના જામીન આપોઆપ રદ થયેલા ગણાશે.

(૩) અરજદાર/આરોપીએ જામીન નીચેની કોર્ટમાં રજુ કરવા.

(૪) આ હુકમની યાદી સંબંધીત કોર્ટ તથા પોલીસ સ્ટેશનને કરવી.

આજરોજ તા.૧૫'મી માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર.
તારીખ : ૧૫/૦૬/૨૦૨૬

(હેતલ સુરેશચંદ્ર દવે)
ફોર્થ એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
ભાવનગર.

Bhavik

UI CODE NO.GJ00693